# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

### તપનો પ્રભાવ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી અને એમની સાથે પચાસ સંતો ભાલમાં સત્સંગ કરાવવા ફરતા હતા. એ વખતે ભાલ એવું ગણાતું, જેને શિક્ષા કરવી હોય એને ભાલમા મોકલે. કારણ કે ત્યાં સગવડ નહી. શાકભાજી મળે નહી. પાણીની તકલીફ.

મુક્તાનંદ સ્વામી અને પચાસ સંતો ભાલમાં સત્સંગ કરાવી ગઢપુર તરફ આવવા નીકળ્યા. વચ્ચે એવું કોઈ ગામ આવ્યું જ નહી કે જ્યાં ભિક્ષાની સગવડ થઈ શકે. આખો દિવસ ઉપવાસ થયો. એ આઠમનો દિવસ હતો. નોમના દિવસે પણ એવું જ થયું. આખો દિવસ ઉપવાસ. દશમના દિવસે એક ગામમાં આ પચાસ સંતો આવ્યા. એક બહેન સત્સંગી. મુક્તાનંદ સ્વામી અને સંતો ત્યાં પહોંચ્યા. બહેન રાજી થઈ ગઈ. ખીચડી કરવાનું નક્કી કર્યું. સ્વામીએ કહ્યું, ''કાંઈ પણ કષ્ટ ન લેતાં. ખીચડીમાં ઘી ન નાંખશો અને મીઠું પણ ન નાંખશો.''

સમાજમાં કોઈ માણસ કામ ન કરતો હોય છતાં ગાડીઓ દોડાવતો હોય તો આપણે શું કહીએ છીએ, ખબર છે ? કે એના બાપદાદા રળીને મુકી ગયા છે તે વાપરે છે. આપણે એવું ક્યું તપ કર્યું છે તે આવી સાનુકુળતામાં જીવીએ છીએ. એનું કારણ આપણા બાપદાદા એટલે કે આ સંતો તપ કરીને, કમાઈને મૂકી ગયા છે. આ સંતોને એ વખેત કડક નિયમો હતા. છ રસ નહીં જમવાના. ખારો, ખાટો, તીખો વગેરે ખટરસનાં વર્તમાન ઘી નહીં, તેલ નહીં, મરચું નહી, મીઠું નહી. મોળું બાફેલું અનાજ જ સ્વીકારવાનું. સ્વામિનારાયણ ભગવાને આવી કડકાઈમાં સંતોને રાખ્યા હતા. એ સંતોના તપથી આપણે બધા સુખી છીએ.

મુક્તાનંદ સ્વામીએ બેનને કહ્યું ખીચડી મુકો પરંતુ તપેલામાં ઘી કે મીઠું ન નાંખશો. આ બેનને વિચાર થયો કે આ તો એક આનંદ અને અહોભાગ્ય છે કે પચાસ સંતો મારે ઘેર આવ્યા. અણધાર્યા, ઓચિંતા અતિથિ બનીને આવ્યા છે. એમને સાવ લુખ્ખી ખીચડી કેમ ખવરાવાય. સંતોએ ભલે ના પાડી પણ આવું ખીચડું બાફીને કંઈ મૂકાય. આ બહેને તપેલું ચડતું હતું એમાં ઘી નાંખી દીધું. ચાલ્યું જશે. સંતો જમી જશે, ખબર નહી પડે. બહુ ભાવથી અને પ્રેમથી ઘી નાંખ્યું.

થાળ થયો. સંતોની પંક્તિ થઈ. ત્યાં ચોખ્ખું ઘી કાંઈ છાનું રહે ! જ્યાં તપેલું આવ્યું ને સુગંધ સુગંધ આવવા માંડી. શુધ્ધી ઘી ની સુગંધ પહેલી આવે, સ્વાદ પછી આવે. શુધ્ધ ઘી અને અંદર ભાવ ભળ્યો હોય. તપેલું ફરવા માંડ્યું. પતરાવળામાં ખીચડી પીરસવા માંડી, સુગંધ આવી શુધ્ધ ઘીની. સંતો કહેવા લાગ્યા, આમાં ઘી નાંખ્યું લાગે છે અને આત્માનંદજી ઉભા થઈ ગયા. પચાસ સંતોમાં એ ભેગા હતા. આત્માનંદજી તો ઉભા થઈ ગયા. ભાઈ નથી ખાવું. મુક્તાનંદ સ્વામી કહે છે - ''હે સંતો ! આપણે એ બહેનને ના પાડી હતી, ઘી ન નાંખતાં છતાં એમણે ભાવથી નાંખ્યું છે. બે દિવસના ઉપવાસ છે. આજે દશમ છે. આવતી કાલે પાછી એકાદશી છે. ગઢડા દૂર છે, આપણે ચાલવાનું છે. મહારાજની આજ્ઞા નથી છતાં આ ખીચડીમાં ઘી છે. તો હું બધાય સંતોને વિનંતી કરૂં છું કે જમી લો. શ્રીજી મહારાજ જે શિક્ષા કરશે એ હું સહન કરીશ. હું ભોગવીશ. બધા સંતો બેસી ગયા. સ્વામીની આજ્ઞા થઈ છે તો જમી લો. આત્માનંદજી ન બેઠા. જે થવું હોય તે થાય. થઈ થઈને શું થશે. ભાલમાં મરી જઈશું. ન ખાધી ખીચડી.

બારસના ગઢડા પહોંચ્યા. બધા સંતો સ્નાનાદિક વિધિ કરી સભામાં આવવા માંડ્યા. મુક્તાનંદ સ્વામી હજુ સભામાં નહોતા પધાર્યા. અને આત્માનંદજીએ તો સુપ્રીમમાં સીધી ફરિયાદ દાખલ કરી. કોના વિરૂદ્ધ જાણો છો ? મુક્તાનંદ સ્વામી વિરૂદ્ધ. શ્રીજીમહારાજને કહે છે, હે પ્રભુ ! તમે મુક્તાનંદજીને બહુ મોટેરા કર્યા છે પણ માથે બેસીને તમારી આજ્ઞા લોપાવે છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે, શુ બન્યું ? આ બધી વાત આત્માનંદજીએ કહી. ઘી વાળી ખીચડી ખવરાવી. સ્વામિનારાયણ ભગવાન બોલ્યા, મુક્તાનંદ સ્વામીને

સભામાં આવવા દો. બધાને કુતુહલ થવા લાગ્યું. મહારાજ આજ મુક્તાનંદ સ્વામીને શું શિક્ષા કરશે ! મહારાજ કરતાંય મોટા, વડીલ, કાયમ માટે મહારાજ જેનું માન, આદર જાળવે છે.

મુક્તાનંદ સ્વામી સભામાં આવ્યા. મહારાજે સીધીજ વાત કરી. મુક્તાનંદ સ્વામી ! શું વાત છે ? સ્વામી જાણી ગયા. મહારાજ ! આત્માનંદજીની વાત સાચી છે મેં બધા સંતોને કહ્યું હતું ખીચડી જમી લો. અને બધા જમ્યા. પણ મહારાજ મને દયા આવી ગઈ. ભાલનો સૂકો વિસ્તાર, બબ્બે દિવસના ઉપવાસ. જો આજે ખીચડી જમવાની ના પાડું તો એકાદશીનો પાછો ઉપવાસ અને બહેનને અમે ચોખ્ખી ના પાડી હતી છતાં એણે ભાવથી શ્રધ્ધાથી ઘી નાંખ્યું. આવું બન્યું.

અને શ્રીજી મહારાજ પાટ ઉપરથી ઉભા થયા. બધા ચમકી ગયા. આજ તો સ્વામીનું મોટું અપમાન મહારાજ કરશે. મહારાજ ઉભા થયા અને કંઠમાંથી હાર કાઢ્યો અને મુક્તાનંદ સ્વામીને પહેરાવ્યો અને ભેટ્યા. સ્વામી તમે હતા તો આ પચાસ સંતો જીવતા આવ્યા. આત્માનંદજી હોત તો પચાસને મારીને આવત.

વ્હાલા મિત્રો ! આવા હતા આપણા સંતો, આવું હતું તેમનું તપ અને આવો હતો શ્રી મુક્તાનંદ સ્વામીનો દયાળુ સ્વભાવ અને ભગવાન સાથેની એકતા. શું કરવાથી મારા ઈષ્ટદેવ રાજી થશે એવી મરજી મુક્તાનંદ સ્વામી જાણી લેતા. આવા સંતોના તપ-પુણ્યના પ્રતાપે આજે આ સત્સંગમાં સહુને જયજયકાર છે.

●

## દગો કોઈનો સગો નહિ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

વાત છે વર્ષો પહેલાની. પણ બહુ યાદ રાખવા જેવી ને ઘણું શીખવાડી જાય તેવી આ વાત છે. એક ગામમાં એક ખેડૂત રહેતો હતો. તે બહુ સજ્જન અને પરોપકારી માણસ હતો. તેને પંદરેક દિવસે પોતાના કામકાજ અર્થે બીજા ગામે જવાનું થતું. તે માટે તેણે એક જંગલમાં થઈને પસાર થવું પડતું હતું.

એક દિવસની વાત છે. સવાર પડી. ખેડૂત સ્નાનાદિક વિધિથી પરવારી જંગલના રસ્તે પસાર થઈ રહ્યો છે. રસ્તે ચાલતા ચાલતા કૂવામાંથી બચાવો. બચાવો... નો અવાજ સંભળાયો. ખેડૂત કૂવા પાસે ગયો ને જોયું તો ખબર પડી કે કૂવામાં સાપ, વાંદરો, વાઘ અને માણસ એમ મળી કુલ ચાર જીવો પડી ગયા છે. આગલી રાત્રે અંધારામાં આ અકસ્માત થયો હતો. પરિસ્થિતિ એવી વિકટ થઈ કે આ ચારે જણામાંથી કોઈ કોઈને બચાવી શકે તેવું નહોતું.

ખેડૂત પરોપકારીની સાથે સાથે બાહોશ પણ હતો. તેણે તરત જ વ્યવસ્થા કરી સાપ, વાંદરો અને વાઘ આ ત્રણેને બહાર કાઢ્યા. પછી તેણે માણસને બહાર કાઢવાના પ્રયત્નો ચાલુ કર્યા. તેવા સમયે આ ત્રણે કહેવા લાગ્યા. હે ખેડૂત ! આપનો ખૂબ ખૂબ આભાર. અમે ત્રણે તમે જે અમારા ઉપર ઉપકાર કર્યો છે તેનો બદલો ચોક્કસ વાળી આપશું. પણ તમને એક વિનંતી કરીએ છીએ તમે આ કૂવામાં પડેલા માણસને બહાર કાઢશો નહી. તે માણસ ઉપકાર કરવા લાયક નથી. આ ત્રણેની વાતને અવગણીને પણ દયાભાવથી પ્રેરાઈને ખેડૂતે પેલા માણસને પણ બહાર કાઢ્યો. વાત કરતા ખ્યાલ આવ્યો કે આ માણસ એ ગામનો છે જ્યાં ખેડૂત ઘણીવાર પોતાના કામકાજ અર્થે જાય છે. વાત પતીને સહુ સહુના ઠેકાણે જતા રહ્યાં.

આ વાતને પંદરેક દિવસ થયા હશે ને પેલો ખેડૂત ફરી પોતાના કામકાજ અર્થે નીકળ્યો ને કાયમી રસ્તે જંગલમાંથી પસાર થયો. જે વાઘને બચાવેલો તે સામો મળ્યો. તેણે આ ખેડૂતે કરેલા ઉપકારના વળતર રૂપે થોડા ઘરેણાં આપ્યા. વાઘ ફરજ નિભાવ્યાના આનંદ સાથે ચાલી નીકળ્યો. ખેડૂત જંગલ પસાર કરી ગામમાં ગયો ને કામ પતાવી પરત ફરતો હતો ત્યાં વિચાર આવ્યો કે પેલો માણસ આજ ગામમાં રહે છે તેને મળતો જાઉં. પેલા માણસે આવકાર આપ્યો. બંને બેઠા બેઠા વાતો કરવા લાગ્યા. વાત વાતમાં ખેડૂતે રસ્તામાં વાઘ મળ્યો ને તેણે ઘરેણાં આપ્યા તે વાત પણ આ માણસને કરી. ઘરેણાં જોતા આ માણસને ખબર પડી કે આ ઘરેણાં તો રાજાના કુંવરના છે.

વાત એવી બની હતી કે આ ગામના રાજાનો કુંવર જંગલમાં ગયો હતો ને તે પાછો ફર્યો નહોતો. રાજાએ બાતમી આપનારને મોટું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. ઘરેણાં જોતા જ પેલા માણસના અંતર મનમાં સ્વાર્થી વિચાર આવ્યો કે હું આ ખેડૂતને રાજા પાસે પકડાવી દઉં તો

અનુ. પેજ નં. ૨૫ ઉપર

મને ઈનામ મળી જાય. તેણે તરત જ સૈનિકોને જાણ કરી ખેડૂતને જેલમાં પુરાવી દીધો ને રાજા પાસેથી મોટું ઈનામ મેળવ્યું. ખેડૂત નિર્દોષ હોવા છતાં તેને અચાનક આવું દુઃખ આવી પડ્યું.

આ વાતની ખબર પેલા સાપ અને વાંદરાને થઈ. વાંદરો અને સાપ જેલમાં આવ્યા. વાંદરાએ ખેડૂતને ફળ લાવી આપ્યા. અને સાપે સાપનું ઝેર ઉતારવાનો ચમત્કારી મંત્ર ખેડૂતને આપ્યો. પછી સાપે રાજાને દંશ માર્યો તેથી રાજા તરફડીયા મારવા માંડ્યો. ઝેરની અસર થવા લાગી. ચારે બાજુ વાયુવેગે સમાચાર ફેલાયા ને દોડાદોડ ચાલુ થઈ. વૈદ્યો, હકીમો પ્રયત્નો કરવા લાગ્યા પણ કોઈ દવા કામ ન લાગી. ખેડૂતે મંત્રી પાસે ખબર મોકલાવી કે મારી પાસે ચમત્કારી મંત્ર છે. જો મને જેલમાંથી મુક્ત કરો તો હું ઝેર ઉતારી દઉં. મંત્રીએ તરત જ ખેડૂતને જેલમાંથી મુક્ત કર્યો. ખેડૂતે રાજા પાસે આવી મંત્રનો ઉપચાર ચાલુ કર્યો ને ઝેર ઉતરવા લાગ્યું. રાજા સ્વસ્થ થયો. પોતાનું જીવન બચાવવા બદલ રાજાએ ખેડૂતનો આભાર માન્યો. ઘણી ભેટ સોગાંદો આપી. ખેડૂત પાસેથી ખબર મળી તે પેલા માણસે ખોટી માહિતી આપી હતી તેથી તે બદલ રાજાએ પેલા માણસને આજીવન કેદમાં પૂર્યો.

ખેડૂત રાજી થતો થતો પોતાના ગામ તરફ પરત ફરી રહ્યો હતો ત્યાં પેલા ત્રણે વાઘ, વાંદરો અને સાપ ખેડૂતને મળ્યા ને કહેવા લાગ્યા, હે ખેડૂત ! તમે અમને બચાવ્યા તો અમે પ્રાણીઓ તમને મદદરૂપ થવા માટે તત્પર થયા પણ પેલા માણસે દગો કરી તેના સ્વાર્થ માટે તમને જેલમાં પુરાવ્યા. માણસ કરતા તો અમે પશુ સારા. ત્યારે પેલો ખેડૂત કહેવા લાગ્યો - ''માણસ જાત જો કરેલા ઉપકારનો બદલો અપકારથી આપે તો પશુ કરતાં પણ ખરાબ છે પરંતુ જો તે પરોપકારી બને તો દેવોથી પણ ઉત્તમ બની શકે છે.''

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પ્રથમનાં ૧૦ માં વચનામૃતમાં સેવકરામનું દ્રષ્ટાંત આપીને આવી રીતે કર્યા ઉપકારને ન જાણે તેવા જીવને કૃતધ્ની જાણીને તેના સંગનો ત્યાગ કરવાની આજ્ઞા કરી છે. તો જીવનમાં જો આપણે એ વાતનું ચોક્કસ અનુસંધાન રાખીને પરોપકાર, સત્સંગ અને સેવા કરીશું તો ભગવાનનો રાજીપો આપણા ઉપર અખંડ વરસતો રહેશે.